# બનાસકાંઠા જિલ્લાની સરહદ પરથી અબોલ જીવોની હેરાફેરી

## જીવદયા પ્રેમીઓએ અબોલ જીવો ભરેલી બે ટ્રકો ઝડપી

પાલનપુર, તા. ૩૦

સરહદી બનાસકાંઠા જિલ્લાની બોર્ડરો પરથી પર પ્રાંતમાંથી ઠસોઠસ ભરીને લવાતા ગૌવંશની ભારે હેરાફેરી થાય છે. બનાસકાંઠાની બોર્ડરો પરથી પર પ્રાંતીય ટ્રકો પસાર થઈને ગુજરાતમાં પ્રવેશ કરે છે. જેમાં થરાદથી આવતી અને વડોદરા જતી બે ટ્રકો જીવદયા પ્રેમીઓએ પાલનપુર હાઈવે પર આવેલ હોટલ પર રોકીને પોલીસને બોલાવીને ઝડપાવી હતી. ૨૦ અબોલ જીવો સાથે ત્રણની અટકાયત કરી હતી.

બનાસકાંઠાના અંતરીયાળ તાલુકા થરાદ તરફથી મોડી રાત્રિએ પાલનપુર ખાતે અમદાવાદ ફાટક પાસે આવેલ એક હોટલ પાસે બાતમીના આધારે જીવદયા પ્રેમીઓએ જી.જે.૯.વાય. ૯૦૨૬ અનેજી.જે. ૨૦ટી. ૩૭૭૬ નંબરની ટ્રકોને થોભાવીને અંદર તપાસ કરતાં બળદો ભરેલા હતા. જીવદયા પ્રેમીઓએ તાત્કાલિક પશ્ચિમ પોલિસનો સંપર્ક કરતા પોલિસ ઘટના સ્થળે દોડી આવેલ અને બંને ટ્રકોમાં ભરેલા ૧૦-૧૦ બળદો અને ટ્રકમાં બેઠેલા ત્રણ ઈસમો પાંચાભાઈ અજાભાઈ હરીજન રહે. નાંગણ, તા. થરાદ, શંભુભાઈ નારાયણભાઈ ઠાકોર રહે. ચુડમેર, તા. થરાદ, અનિલભાઈ કાન્તિભાઈ લુહાર રહે. પ્રતાપનગર, વડોદરા વાળાની અટકાયત કરીને પશુ ક્રુરતા ધારા હેઠળ ગુનો નોંધી તેમની અટકાયત કરીને આગળની કાર્યવાહી હાથ ધરેલ છે. ઉપરોકત બનાવની ફરિયાદ રાજેશભાઈ વિજયભાઈ બારોટ રહે રણાવાવ ડીસા વાળાએ કરી હતી. જયારે એક આરોપી ફરાર થવામાં સફળ થયો હતો.






# ગાજણમાં ગેરકાયદે બંધાતા પેટ્રોલ પંપનું કામ રોકવા માંગ

ધનસુરા, તા. ૩૦

મોડાસા તાલુકાના ગાજણ ગામની સીમના સર્વે નં. ૩૩૭માં પેટ્રોલ-ડીઝલ પંપનું ગેરકાયદેસર બાંધકામ થઈ રહ્યું હોવા અંગે રજુઆત થતાં ચકચાર મચી જવા પામી છે. અઢી માસ અગાઉ ગ્રામ પંચાયે નોટિસ આપવા છતાં કોઈ પરિણામ ન આવતાં અરજદારોમાં પોતાની જમીન જતી રહેવાની દહેશતને પગલે ભારે રોષ જોવા મળી રહ્યા છે. અરજદારના જણાવ્યા અનુસાર ઉચ્ચ કક્ષાએ રજુઆત છતાં ન્યાય મળ્યો નથી.

મોડાસા તાલુકાના ગાજણ ગામની સીમના સર્વે નં. ૩૩૧ પૈકી ૨૦૦૦ ચો.મી. જમીનમાં પેટ્રોલ, ડીઝલ પંપ બનાવવા માટે બાંધકામની મંજુરી આપવામાં આવી હતી જ્યારે અરજદારો દ્વારા કરવામાં આવી રહેલ આક્ષેપ અનુસાર તેમની માલિકીની જમીનમાં પંપનું બાંધકામ કરવામાં આવી રહ્યું છે. ખુમાજી રત્નાજી પરમાર, પરબતજી શિવાજી પરમાર વગેરેએ મોડાસા ટી.ડી.ઓ.ને કરેલ રજુઆતની વિગત એવી છે કે તેમની સંયુક્ત માલિકીની સર્વે નં. ૩૩૭ વાળી ખેતીલાયક જમીનની મધ્યમાંથી શામળાજી મોડાસા રોડ પસાર થાય છે. તે રીતે શામળાજી મોડાસા રોડની પૂર્વે તેમજ પશ્ચિમે સર્વે નં. ૩૩૭ જમીન આવેલી છે. સર્વે નં. ૩૩૧ના માલિક કિરણબેન જે. રાઠોડને પેટ્રોલ પંપના હેતુ માટે બિનખેતીમા ફેરવી આપવા કલેક્ટરે હૂકમ કર્યો હતો. અરજદારો દ્વારા કરવામાં આવી રહેલ ગંભીર આક્ષેપ મુજબ જમીન બિનખેતીમાં ફેરવવા માટે સ્થળ સ્થિતિ વિરૂદ્ધ તેમજ રેકર્ડ વિરૂદ્ધના નકશા ઉભા કરી અરજદારોની જાણ બહાર સર્વે નં. ૩૩૭ વાળી જમીન કે જે મોડાસા-શામળાજી રોડને અડીને પૂર્વે બાજુએ આવેલી છે તે જમીન ૩૩૧ની જમીન છે. તેવા નકશા આધારે સ્થળ ઉપર કાયદો હાથમાં લઈ બાંધકામ કરવાનું શરૂ કરી દીધુ છે. ખુમાજી પરમારે જણાવ્યું હતું કે ગત બીજી નવેમ્બરે ગાજણ સરપંચે બાંધકામ અટકાવવા નોટિસ આપી છે તથા ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવા છતાં અમારી મિલકતમાં થઈ રહેલ ગેરકાયદેસર બાંધકામ અટકાવવા કે દૂર કરવા માટે પગલા લેવાયા નથી. અરજદારો દ્વારા થઈ રહેલ ગંભીર આક્ષેપો જોતાં જિલ્લા કલેક્ટર દ્વારા સર્વે કરાવી અરજદારોને અન્યાય થઈ રહ્યો હોય તો સત્ય બહાર લાવવા પગલા લેવાય તેવી લાગણી પ્રવર્તી રહી છે. ઉલ્લેખનિય છે કે સમગ્ર પ્રકરણને દબાવી દેવા ચોમેરથી ભારે પ્રયત્નો થઈ રહ્યા હોવાનું જાણવા મળેલ છે.

## ધનસુરામાં ૬૪મા ગણતંત્ર દિનની ધામધૂમથી ઉજવણી થઈ

ધનસુરા, તા. ૩૦

ધનસુરામાં ૬૪મા ગણતંત્ર દિનની ઉજવણી આનંદ ઉલ્લાસ સાથે થઈ હતી. ગ્રામ પંચાયતમાં સરપંચ ત્રિવેણીબેન પટેલના હસ્તે ધ્વજવંદન રાખેલ. જે.એસ. મહેતા હાઈસ્કૂલ, ઓધવ વિદ્યાલય, દીપ હાઈસ્કૂલ, મહિલા કોલેજમાં વિશાળ સમુદાયની ઉપસ્થિતિમાં ધ્વજવંદન રાખેલ.

ધનસુરા મામલતદાર કચેરી ખાતે મામલતદારના હસ્તે ધ્વજવંદન રાખેલ. આ પ્રસંગે પ્રા. શાળા નં. ૧, ૨ના બાળકો, શિક્ષકો અને નવોદય વિદ્યાલયના બાળકોએ સુંદર કાર્યક્રમ રજુ કરેલ. આ પ્રસંગે ધનસુરા ગ્રામ પંચાયતના સદસ્ય નરસિંહભાઈ કાળાભાઈ પટેલ અને સહકારી સોસાયટીના સેક્રેટરી માધુભાઈ પટેલ સાથે મામલતદાર કચેરીનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## ધનસુરાના અગ્રણી ઉદ્યોગપતિ સ્વ. હિરજીભાઈ ગજ્જરના ધર્મપત્નીનું નિધન

ધનસુરા, તા. ૩૦

સમગ્ર સાબરકાંઠા જિલ્લા ક્રશર ઉદ્યોગના અગ્રણી સ્વ. હિરજીભાઈ ગજ્જરના ધર્મપત્ની રતનબેન ગજ્જરનું ૭૮ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે.

## સિદ્ધપુર-બાપુનગર રૂટની બસ બંધ થતા મુસાફરો પરેશાન

ઉંઝા, તા. ૩૦

સિદ્ધપુર એસ.ટી. ડેપો સંચાલિત સવારની સિદ્ધપુર-બાપુનગર રૂટની લોકલ એસ.ટી. બસ છેલ્લા કેટલાક સમયથી બંધ કરાતાં મુસાફરજનતા ભારે હાલાકી ભોગવી રહી છે.

સિદ્ધપુર ડેપો દ્વારા વર્ષોથી સવારના ૬.૪૫ કલાકે સિદ્ધપુર-બાપુનગર વાયા ઊંઝા, મહેસાણા રૂટની લોકલ એસ.ટી. બસ સર્વિસ ચાલતી હતી. જેથી સવારના સમયે ઊંઝા, ઉનાવા, ભાન્ડુ, મહેસાણાના મુસાફરોને બાપુનગર તરફ જવા માટે સારી બસ સગવડ મળતી હતી. પરંતુ છેલ્લા કેટલાક સમયથી કોણ જાણે કેમ આ લોકલ બસ સર્વિસ બંધ કરવામાં આવેલ છે. પરિણામે સવારના સમયે બાપુનગર જવા માટેની સીધી બસ સેવા છીનવાઈ જતાં મુસાફરોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. આ બસ સત્વરે શરૂ કરાય તેવી મુસાફરજનતાની માગણી ઉઠવા પામી છે.

# કેન્દ્રના પુરવઠા વિભાગના સંયુક્ત સચિવે સસ્તા અનાજની દુકાન તપાસી

## ગાંધીનગર આવેલા દિપકકુમારે કાર્ડ તૈયાર કરવાની પ્રથા તેમજ પરમીટ પ્રથા અંગે પણ વિગતો મેળવી



ગાંધીનગર, તા. ૩૦

ભારત સરકારના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના સંયુક્ત સચિવ શ્રી દિપકુમારે આજે ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ પાલજ ગામની સસ્તા અનાજની દુકાનની મુલાકાત લીધી હતી. તેમણે ગાંધીનગર મામલતદાર કચેરીની પણ મુલાકાત લીધી હતી.

શ્રી દિપકકુમારે આજે ગાંધીનગર મામલતદાર કચેરીમાં વેપારીઓને અપાતી ઓનલાઈન પ્રથાની કામગીરી નિહાળવા ઉપરાંત એ.ટી.વી.ટી. સેન્ટર તેમજ બારકોડેડ રેશનકાર્ડના પ્રિન્ટીંગની કાર્યવાહી અને તે માટેના જુદા જુદા અરજીપત્રકોની પણ વિગતો મેળવી અભ્યાસ કર્યો હતો.

શ્રી દિપકકુમારે પાલજની સસ્તા અનાજની દુકાનની મુલાકાત લઈ મળતા જથ્થા તેમજ થતા વેચાણ બાબતે પૃચ્છાઓ કરી હતી એટલુ જ નહિ તેમણે ઘઉં અને ચોખાના નમુના લઈ તેની પણ તપાસ કરી હતી.

શ્રી દિપકકુમારે અમદાવાદ ખાતે પુરવઠા નિગમના ગોડાઉનની પણ મુલાકાત લઈ અને ડીસ્ટ્રીબ્યુશનની સિસ્ટમ અંગેની વિગતો મેળવી હતી.

તેમણે પબ્લીક ડીસ્ટ્રીબ્યુશન સિસ્ટમને લઈ રાજ્યના પુરવઠા સચિવ સાથે પણ અલગથી બેઠક કરી હતી.

પાલજ અને ગાંધીનગર મામલતદાર કચેરીની મુલાકાત દરમ્યાન જિલ્લા પુરવઠા અધિકારી શ્રી સંજય જોશી તથા મામલતદાર શ્રી આર.સી. ભાટી તેમની સાથે જોડાયા હતા. જિલ્લાની પુરવઠા વિભાગની કચેરીના કર્મચારીઓએ જરૂરી વિગતો સાથેની માહિતી આપી હતી.

## દરખાસ્તો મંગાવાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રજુઆતોનો અભ્યાસ કરી મતદાન મથકોના પુનઃ ગઠનમાં કાળજી લેવાય તેવો આગ્રહ પણ ચૂંટણી પંચે રાખ્યો છે.

પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં મતદાર યાદીમાં નવા નામ દાખલ કરવાની કામગીરી હાલ ચાલુ છે તેમજ મતદાર યાદીમાં નવા નામ દાખલ કરવા માટેની ઝુંબેશ પણ આગામી દિવસોમાં હાથ ધરવામાં આવશે.

જિલ્લામાં એપિક રેશિયો રાજયમાં સૌથી વધુ છે અને હજુ પણ નવા નામ દાખલ થશે તેમ માની પંચે મતદાન મથકોના પુનઃગઠન અંગેની દરખાસ્તો આગામી માસમાં તૈયાર કરી મોકલી આપવા માટે જણાવતાં જિલ્લાના નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની કચેરીએ તમામ વિધાનસભા મતદાર વિભાગના ચૂંટણી અધિકારીઓને આ દરખાસ્ત તૈયાર કરી મોકલવા જણાવાયું છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં જે ૧૫ જેટલા નવા મતદાન મથકો બનાવવાના થાય છે તેમાં ગાંધીનગર (દ), ગાંધીનગર (ઉ) કલોલ અને માણસા બેઠકનો સમાવેશ થાય છે. આ ચારેય વિસ્તારમાં મતદાર તરીકેની નોંધણી માટે લોકોએ ભારે ઉત્સાહ દાખવ્યો છે.

આ દરખાસ્તોની જિલ્લા કક્ષાએ ચકાસણી કર્યા બાદ પંચને તે મંજૂરી માટે મોકલવામાં આવશે તેમ જાણવા મળેલ છે. જિલ્લામાં હાલ ૯ લાખ ૯ હજાર જેટલા નોંધાયેલા મતદારો છે.

## જગ્યા ફાળવવા માંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

દ્વારા પુરી પાડી શકાતી નથી. આ સંજોગોમાં ગાંધીનગરના ચાર ઝોનલ કચેરીઓ માટે અને મહાનગરપાલિકાના ભવિષ્યના વિકાસને ધ્યાને રાખીને મકાન માટે ૫૦,૦૦૦ ચો.મી.ની જગ્યા ફાળવવા સ્ટેન્ડીંગ કમિટી દરખાસ્ત મુકે છે. ઉપયુક્ત જગ્યા નહિ ફાળવવામાં આવે તો ના છુટકે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે.

દરમ્યાન સ્ટેન્ડીંગ કમિટીની આજની બેઠકમાં પસાર કરાયેલા એક અન્ય ઠરાવમાં કમિશનરશ્રીની કચેરીમાં ફરજો બજાવતા વૈધાનિક અધિકારીઓ માટે પાંચથી છ મકાનો પણ યરમાર્ક કરી ફાળવી આપવા માટે જણાવાયું છે તેમજ આ અંગે જરૂરી પરામર્શ કરવા માટે મ્યુનિ. કમિશનરશ્રીને સત્તા આપવામાં આવી છે.

આ પ્રસ્તાવ પરની ચર્ચા દરમિયાન સભ્યોએ ૧૨ થી ૧૫ મકાનો કમિશનરશ્રીની હસ્તક મુકવા જોઈએ તેવો અભિપ્રાય વ્યક્ત કરતાં જણાવ્યુ હતુ કે આ મકાનો ઉપાંત કોર્પોરેશનના રેસ્ટ હાઉસ માટે પણ અલગથી મકાનો ફાળવવા જોઈએ જેથી કોર્પોરેશનની મુલાકાતે આવતા અધિકારીઓને રોકાણની સુવિધા ઉપલબ્ધ થઈ શકે.

# પ્રજાપિતા બ્રહ્માકુમારી સંસ્થાનો આધ્યાત્મિક સમારોહ યોજાયો

પ્રાંતિજ, તા. ૩૦

હિંમતનગર ઉમિયા સમાજવાડી ખાતે બ્રહ્માકુમારી સંસ્થાના સૈજન્યથી તાજેતરમાં આધ્યાત્મિક સમારોહનું સુંદર આયોજન કરાયું હતું. વળી છેલ્લા વીસેક વર્ષથી બ્રહ્માકુમારી સંસ્થા સાથે જોડાયેલ અને હિંમતનગર પ્રા. શાળા નં. ૧ ના આચાર્યપદેથી વયમર્યાદાને કારણે નિવૃત્ત થતા રમીલાબેન પટેલનો પણ આ પ્રસંગે સન્માન સમારંભ યોજાયો હતો. પ્રવર્તમાન સમયમાં દેશમાં વધતી જતી બળાત્કાર જેવી અમાનવીય અનેક ઘટનાઓ અને સતત ટેન્શનમાં જીવતા દિશાહીન મનુષ્યની માનસિક શાંતિ માટે શીવપિતા પરમાત્માએ ચીંધેલા આધ્યાત્મિક મૂલ્યનિષ્ઠ જીવન તરફ વળવા રાજયોગા બ્ર.કુ. ગીતાબેન (રાજસ્થાન)એ આ પ્રસંગે સૌને પ્રભાવશાળી ઈશ્વરીય સંદેશ પાઠવ્યો હતો. સંસદ સભ્ય મહેન્દ્રસિંહ ચૌહાણ, સહકારી અગ્રણી અમીચંદભાઈ પટેલ, કડવા પાટીદાર સમાજના પ્રમુખ નરસિંહભાઈ પટેલ સહિત અનેક અગ્રણીઓએઆ પ્રસંગે ઉપસ્થિત રહીને રમીલાબેન પટેલની શિક્ષણક્ષેત્રે દિર્ઘકાલિન સેવાઓ અને સાત્વિક જીવનની સરાહના કરી. શુભકામના પાઠવી હતી. આ પ્રસંગે બ્રહ્માકુમારી બહેનો, સગા સ્નેહીઓ, શિક્ષકો અને બ્રહ્મવત્સો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ગુનાખોરીનો ગ્રાફ

● અનુસંધાન પહેલાનું ચાલુ

લૂંટના બનાવો પણ દર આંતરે દિવસે જિલ્લા પોલીસના ચોપડે નોંધાય છે. જે ગતિએ ક્રાઈમરેટ વધ્યો છે તેની સામે તેટલી જ ધીમી ગતિએ ગુનાના ડિટેક્શન થાય છે જેથી હવે વિવિધ સ્થળોએ ચોરી, ઘરફોડ કે લૂંટ થાય તો તે ગુનો આચરનાર શખ્સ સી.સી.ટીવી કેમેરામાં કેદ ઈ જાય તો ડીટેક્શન કરવામાં પોલીસને સરળતા રહે તે માટે હવે પોલીસે સીસીટીવી કેમેરાનો સહારો લેવાની તજવીજ શરૂ કરી છે. જિલ્લાના તમામ ખાનગી એકમો જેવા કે બેંક, જ્વેલર્સ શૉપ, શાળા-કોલેજો, મોબાઈલ શૉપ, સાયબર કાફે સહિત હોટલ, ગેસ્ટહાઉસ જેવા તમામ ખાનગી એકમોમાં સીસીટીવી કેમેરા ફરજીયાત ઈન્સ્ટોલ કરવા માટે જાહેરનામુ પ્રસિદ્ધ કરવા સંદર્ભે જિલ્લા પોલીસે આજે જિલ્લા કલેક્ટરને દરખાસ્ત કરી છે. હવે જોવું રહ્યું કે આ એક્શન પ્લાનને સફળતા મળે છે કે તસ્કરો તથા અન્ય ગુનેગારો હજુ બેફામ બને છે...!!

## બારકોડ સીસ્ટમથી..

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેટલાક આળસુ પોલીસ પણ જવાબદાર છે. રાત્રી પેટ્રોલીંગ અસરકારક બને તે માટે જી.પી.એસ. સિસ્ટમ વાહનોમાં લગાડવામાં આવી છે. તે ઉપરાંત આ પેટ્રોલીંગને વધુ મજબુત બનાવવા માટે જિલ્લા પોલીસ દ્વારા એક પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. ગુડા દ્વારા ડોર ટુ ડોર ઘનકચરાનું કલેક્શન કરવા માટે બારકોડ સીસ્ટમ અપનાવવામાં આવી છે. જેનાથી કચરો ઉપાડવા જતો સ્ટાફ ઘર સુધી પહોંચી ગયો છે કે નહી તે બારકોડ સ્ટીકરમાં સ્કેન કરવા પર તંત્રને જાણ થઈ જાય. આવી જ પદ્ધતિ જિલ્લા પોલીસ દ્વારા શરૂ કરવામાં આવી રહી છે. બારકોડ દ્વારા પોલીસ પેટ્રોલીંગ માટેનો પ્લાન તૈયાર થઈ જવા પામ્યો છે. અને ક્યાં ક્યાં બારકોડ સ્ટીકર લગાડવા આવશ્યક છે તેનું લીસ્ટ પણ તૈયાર થઈ જવા પામ્યું છે. તમામ બેન્ક, એટીએમ, કેટલાક અંતરે અંતરે મકાન-બંગલા પર, દુકાનો, કોમ્પલેક્ષો, શાળા-કોલેજો, કંપનીઓ, ગોડાઉનો તથા મુખ્ય માર્ગો પર નિયત કરવામાં આવેલી જગ્યાઓ પર બારકોડ સ્ટીકર લગાડી દેવામાં આવશે. પેટ્રોલીંગમાં નીકળેલી પોલીસે ઉપરોક્ત સ્થળે લગાડેલા બારકોડ સ્ટીકર પર સ્કેનર ફેરવવું પડશે. તો જ પેટ્રોલીંગ તે વિસ્તારમાં થયું ગણાશે. આ સિસ્ટમથી હવે પોલીસ પેટ્રોલીંગ અસરકારક બનશે અને કેટલાક આળસુ પોલીસ જે ઘરે બેઠા હોવા છતાં જુઠ્ઠા લોકેશન આપીને પેટ્રોલીંગ કરતા હોય છે તે હવે શક્ય બનશે નહી. તે ઉપરાંત પોલીસે કેટલા વાગે તે સ્થળેથી પેટ્રોલીંગ કરીને નીકળી અને સાથેની વિગતો અધિકારીઓ જાણી શકશે. આ બારકોડ સિસ્ટમને અમલી બનાવવા માટેનો કોન્ટ્રાક્ટ પણ આપી દેવામાં આવ્યો છે. ટુંક જ સમયમાં બારકોડ પેટ્રોલીંગ શરૂ થઈ જશે.

## શબ્દાવલી - ૪૯૬૫



### આડી ચાવી

૧. ખુબ જ મોટા શરીરવાળુ (૪)
૩. સરનેમ, જ્ઞાતિ (૩)
૫. ટીપવાનો અવાજ (૩)
૬. કઈ બાજુ (૪)
૮. અગ્નિ (૨)
૯. 'વડ' શબ્દ ઊંધો (૨)
૧૦. બકરો, રઘુવંશી રાજાનું નામ (૨)
૧૨. ભીસ્તી... માં પાણી ભરીને છાંટે (૩)
૧૩. તિજોરીને હિન્દીમાં કહેવાય (૪)
૧૫. ભાત વગેરેમાં નખાતા એક પ્રકારના પાન (૫)
૧૭. એપ્રિલફુલ... (૪)
૧૮. સો-બસો...ચારસો (૩)

### ઊભી ચાવી

૧. ... આગ, અતિશય (૩)
૨. શ્રી ગણેશજીના ભાઈ (૪)
૩. અતિ, વધારે (૩)
૪. ... મુંડો ટાઉં... ટાઉં...(૨)
૫. તેજીને... ને ગધેડાને ડફણા (૩)
૭. સગવડ (૪)
૮. શરમ-મર્યાદા (૨)
૯. કકળાટ, ... કર્યા કરવા(૨)
૧૦. સગવડનું વિરોધી (૪)
૧૧. ગોટાળો, ઘાલમેલ (૪)
૧૨. સરક્યુલર, જાણ માટેનો પત્ર (૪)
૧૩. મળતાવડુ ના હોય તેવું(૩)
૧૪. ચીજવસ્તુનો જથ્થો (૨)
૧૬. એક-બે... ચાર... (૨)

### શબ્દાવલી ૪૯૬૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) રોજગારી (૬) ગરમ (૭) અવસર (૮) ચાખડી (૧૦) મૃગ (૧૧) યોજનાબધ્ધ (૬) વાણ (૧૭) યાસ્મીની (૧૮) ઘોદો (૧૯) નાદુરસ્ત (૨૦) પરત

**ઊભી ચાવી :-** (૧) રોગચાળો (૨) જરખ (૩) ગામડીયો (૪) નાવ (૫) મારગ (૮) સમૃધ્ધ (૧૨) જમીનદોસ્ત (૧૩) બળીયા બાપ (૧૪) આણ (૧૫) ગનીમત (૧૬) વાસના (૧૮) ઘોર

## ગાંધીકથા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તોફાનો થયાં છે. બિહારમાં તોફાનો થયા તેવું જાણ્યું ત્યારે ગાંધીજીએ અનાજ ખાવાનું છોડ્યું. ૬૦૦ કેલેરી ખાતા હતા. ૧૬ કલાક કામ કરતા હતા. નોઆખલીમાં ચારેકોર આગ, ઉપર આગ નીચે આગ, પણ ગાંધીની ભીતરમાં શાંતિ છે. રામનામે નાવ આગળ ચાલે છે. નોઆખલીમાં શાંતિ કાર્ય માટે ગીત લખાય છે.

કોઈથી અમે ડરીએ ના, ન કોઈને પણ ડરાવીએ ના
અમે અભયની ટેક લીધી છે, કોઈ દી પૂંઠ બતાવીએ ના.
નાના ના !
હિંસા અમને ખપતી નથી, અહિંસક છે આ સેના.
મનમાં છુપાવ્યું વેર નથી, ને દિલમાં ભર્યુ ઝેર છે ના,
બદલો અમારે વાળવો નથી, ને દુશ્મન એકે મરે છે ના.

આઝાદીની ઉજવણી નજીક આવતી જાય છે ત્યારે જવાહરલાલ નહેરૂ ગાંધીજીને દિલ્હી આવવાનું નિમંત્રણ આપે છે. ત્યારે ગાંધીજી જણાવે છે કે હું દિલ્હી આવવા માગતો નથી. તમે દિલ્હી નહીં આવો તો ખરાબ થશે. ગાંધીજીએ જવાબ આપ્યો ખરાબ થાય તો થવા દો મારે નથી આવવું. હું તમને અભિનંદનનો તાર મોકલું કે આશ્વાસનનો તાર મોકલું. મને આઝાદીની ઉજવણી એ ઉજવણી લાગતી નથી. ઉઠમણી લાગે છે. ગાંધીજી કહેતા હતા કે આઝાદી આવવાની છે પણ ભાગલા સાથે આવવાનીછે. તેથી મને ઉત્સાહ નથી. જવાહરલાલે નોઆખલી સુધીર ઘોષને મોકલ્યા બાપુને લેવા માટે. સુધીર ઘોષને ગાંધીજી કહે છે કે મારૂ સાંભળે છે કોણ મારે તો શાસક અને પ્રજા વચ્ચે ખાઈ પુરવી છે. ભૂમિના ભાગલા પડી રહ્યા છે. ભારતમાંથી પાકિસ્તાન અને પાકિસ્તાનમાંથી ભારતમાં આવતા-જતા લોકોની ૪૦ કિ.મીટર લાંબી હાર થતી જોઈ છે. ૧૯૪૭ની પંદરમી ઓગષ્ટે આઝાદી મળી.

સ્વરાજના વહાણાં વાયાં, હર્ષઘેલાં કૈંક લોકો થયાં,
પૂર્ણ સ્વરાજ હજુ આઘે આઘે છે, ને-
છેવાડાનો જણ દીસે છે ક્યાં ?
ઝંડા નમ્યા ને નવા ચડ્યા
માળખાંઓ તો હજી જૂનાં ને જૂનાં છે
શાસકો લોકોથી છેટા રહ્યા, બાપુના દિલ તો દરદ ભર્યા,
આતમ રામ ભણી નયમ ઢળ્યાં,
અનશન કીધાં ને વિનમ્રભાવે, ઉપાસનામાં લીન થયા.

આઝાદી ટાણે અંગ્રેજ વોઈસરોય લોર્ડ મોરલી મીન્ટોએ નવકરોડ લોકોના કાનની અંદર અલગ મતદાનનો વિચાર મુકી દીધો. અંગ્રેજોએ તેમની વૃત્તિ મુજબે ભાગલા પાડી રાજ ટકાવવાનો સિદ્ધાંત મૂકીને ગયા. મુસ્લીમલીગની સ્થાપના થાય છે. મહમદઅલી ઝીણા વધુ પડતી માગણી કરતા હોય છે. માઉન્ટબેટનેએ મહમદઅલી ઝીણાને સ્પષ્ટ મોંઢે મોંઢ કહ્યું હતું કે તમે તમારૂ ધાર્યુ કરો છો નથી થતું તો જુઠ્ઠાણુ ફેલાવો છો. સ્વરાજ્ય મળ્યા પછી થોડા દિવસોમાં જવાહરલાલ નહેરૂ કહે છે કે અહમદનગર કિલ્લામાંથી છૂટ્યા પછી અમારામાંથી મોટા ભાગના ઘરડા થઈ ગયા હતા. ઘણા માંદા થયા હતા અને એકે લડાઈ લડવા માટે તૈયાર થાય તેમ નહતા. માઉન્ટ બેટન કહે છે કે મહાત્મા ગાંધીએ વસતિની ફેરબદલી કરશો નહીં, ભાગલા પાડશો નહી તેમ થશે તો લોહીની નદી વહેશે તેવું મને સ્પષ્ટ પણે ભારપૂર્વક, દબાણપૂર્વક કહ્યું હતું.

ગાંધીજીએ સૂચવ્યું કે આ દેશના ભાગલા ન પડવા જોઈએ. ૩જી જૂન ૧૯૪૭ના દિવસે ઠરાવ થયો. દેશના ભાગલાનો. તે દિવસે રેડિયો સમાચારમાં રાજકુમારી અમૃતા કોરે ગાંધીજીને દેશના ભાગલા પડ્યાના સમાચાર આપ્યા. ગાંધીએ કહ્યું ભાગલા પાડ્યા જ છે તો રાજનીતિના ભાગલા ભલે પડ્યા પણ હવે હૃદયના ભાગલા ન પાડો નહીં તો સૈન્ય વધશે, ભય વધશે ઘણું બધું વધશે જે અત્યારે આપણે જોઈ રહ્યા છીએ. ફિર પસ્તાયે ક્યા હોત હૈ ચિડિયન ચૂગ ગઈ ખેત. અમૃતસરમાં મુસલમાન સલામત નહીં, લાહોરમાં હિંદુ સલામત નહી, ઝાકીરહુસેને શું કહ્યું તે અંગેનું ગીત

અમે તળિયે જઈ બેઠા માણસાઈના કૂવામાં
અમે બહુ વેર છે વાળ્યા, દોસ્તીના દિવસ વિસરાવ્યા,
શરમથી નીચું મોં ઘાલી ફક્ત બસ રોઈ શકીએ હાય,

નાની છોકરીએ નિર્દોષતામાં કથાકારને પ્રશ્ન પૂછ્યો આ ગોડસેએ ગાંધીને ગોળી મારવાનું કારણ શું ? ગાંધીને આપણા પાપે માર્યા. જેમના ઉપર જુલમ થયો તેની સાથે ગાંધી રહ્યા. જ્યાં જ્યાં પીડા જોઈ ત્યાં ત્યાં વૈષ્ણવજન પહોંચ્યો. ગાંધીજીએ ૧૯૩૭માં કહ્યું હતું કે મારે ૧૨૫ વર્ષ જીવવાનું છે, ત્યારે પુનાના હિન્દુરાષ્ટ્ર છાપાએ છાપ્યું, પણ જીવવા દેશે કોણ ? જે છાપાના તંત્રી નથુરામ ગોડસે હતા. દુનિયા ગાંધીને આપણા માણસ તરીકે માને છે ત્યારે દેશના તરૂણો તમારે આ ધ્યાન રાખવાનું છે એમ કથાકાર પ.પૂ. નારણભાઈ દેસાઈએ તરૂણોને ટકોર્યા. તરૂણો તમારે માણસજાતને ભડખી લે તેવી સંસ્કૃતી જરૂરી છે કે માણસ જાતને બચાવે તેવી સંસ્કૃતીની જરૂર છે ? તરૂણો જીવનમાં શ્રમ-સેવા-સ્વાધ્યાય કરજો. વેશભૂષા બદલશો નહીં, મોંઢા ઉપર લપેડા કરશો નહીં. સૌથી વિશેષ તો પ્રકૃતિનું શોષણ, દોહન, પ્રદૂષણ થઈ હ્યું છે તેને સમજી ઉકેલશો તો આવતીકાલે ગાંધી પ્રસ્તુત છે ધૂન ગવાય છે.

અમે આત્મશક્તિ ઓળખીએ
પાવન આત્મશક્તિ ઓળખીએ
મુજમાં તુજમાં સર્વજનોમાં એક જ જ્યોત નિરખીએ
આપણ એક તત્વ પરખીએ

ગાંધીનો સંદેશ ભૂત, ભવિષ્ય, વર્તમાનને સ્પર્શે તેવો છે. વિશ્વ બજારને બદલે વિશ્વ માનવ સમજીએ. અમે સાચા નાગરીક બનીશું. ગાંધીજીએ કાકાસાહેબ કાલેલકર પાસે લીમડાનું દોણ મંગાવ્યું. ડાળખી તોડી લાવ્યા ત્યારે ગાંધીજીએ કહ્યું કે ડાળખી પાંદડાં તોડવાનો અધિકાર તમને-મને નથી. સાબરમતી કાંઠે એક લોટા પાણીથી સ્નાન કરૂ છું. તેનું કારણ સાબરમતી નદી માત્ર મારા માટે વહેતી નથી. ગાંધીજીનું ઈચ્છામૃત્યુ હતું. ૨૯મી જાન્યુઆરી ૧૯૪૮ના રોજ માઉન્ટબેટનને કહ્યું હતું કે હું પ્રાર્થના સભામાં જતો હોઈ ત્યારે કોઈની ગોળીથી મરીશ.

૩૦ જાન્યુઆરી ૧૯૪૮
દુર્ભાગી એ દિન હતો, ને હતભાગી એ ઘડી
ભાન ભૂલ્યા એક માનવે
જે દી વીંધ્યા માનવમેરૂને
સત્ય-અહિંસાના સંતાન, ગાંધીજી સાચા ઈન્સાન.
સત્યની ખાતર આપ્યા પ્રાણ
માનવતાના મેરૂ મહાન !
હે રામ ! રામ ! રામ ! હે રામ ! રામ ! રામ !
હે રામ ! રામ ! રામ !

**ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.**
મધુર ડેરી 'ક' રોડ, જી.આઈ.ડી.સી., ઈલેક્ટ્રોનીક એસ્ટેટ,
સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૩. ફોન : ૨૩૨૮૭૧૩૪થી ૩૮

**ટેન્ડર નોટીસ**

આ સંસ્થાની બિનઉપયોગી/બિનવપરાશી કોમ્પ્યુટર, પોલીરોલ, ડેડસ્ટોક, એલ્યુમિનિયમ કેન, ઢાંકણા, પ્લાસ્ટિક કેન, પ્લાસ્ટિક ક્રેટ, ડીપ ફ્રીઝ, મિલ્ક કુલર, તૂટેલું ફર્નીચર, લોખંડ, પતરૂ તથા પ્લાસ્ટિકનો ભંગાર વેચવાનો છે. તો રસ ધરાવતી પાર્ટીઓને, રૂ. ૧૦૦૦/- (નોન રીફંડેબલ) ઉપરોક્ત સંસ્થામાં રોકડા ભર્યેથી ટેન્ડર ફોર્મ, જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી તા. ૬/૨/૨૦૧૩ સુધી કચેરી સમય દરમિયાન મળી શકશે. સીલબંધ ટેન્ડર ફોર્મ, ડીપોઝીટ રૂ. ૫૦૦૦/- (રીફન્ડેબલ)ના ઉપરોક્ત સંસ્થાના નામના ડી.ડી. સાથે તા. ૯/૨/૨૦૧૩ના રોજ ૧૬-૦૦ કલાક સુધી ઉપરોક્ત સ્થળે રૂબરૂમાં સ્વીકારવામાં આવશે. ત્યારબાદ આવેલ ટેન્ડર કોઈપણ સંજોગોમાં સ્વીકારાશે નહિ. ટેન્ડર ઓફર / ભાવ સ્વીકારવા કે નહિ તેનો અબાધિત અધિકાર મેનેજીંગ ડિરેક્ટરશ્રીનો રહેશે.

મેનેજીંગ ડીરેક્ટર